# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **દિલ્હી વિસ્ફોટ બાદ રાજ્યભરમાં સાવચેતીના પગલાં. પ્રસિધ્ધ યાત્રાધામોમાં સલામતીની ચુસ્ત વ્યવસ્થા. મુખ્યમંત્રીએ દિલ્હી વિસ્ફોટની ઘટના અંગે દુઃખ વ્યક્ત કરીને મૃતકોના પરિજનોને સંવેદના પાઠવી**
2. **રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ છ આદિવાસી જિલ્લાના 708 ગામોમાં ખેડૂતોને બારમાસી સિંચાઇ પોહંચાડવામાં આવી**
3. **રાજ્યના દરિયાઇ કાંઠેથી માદક પદાર્થો ન ઘૂસે તે માટે કોસ્ટગાર્ડ અને એટીએસની બાજ નજર.**
4. **ડિસાની ઘી બનાવતી બે પેઢીમાંથી પંદર સો કિલો શંકાસ્પદ ઘીનો જપ્ત કરાયો**
5. **નડિયાદ ખાતે રમાઇ રહેલી રણજી ટ્રોફીની મેચમાં સર્વિસિસ સામે ગુજરાતનો છ વિકેટે વિજય....**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# STATE ALERT

દિલ્હીમાં બનેલી કાર બ્લાસ્ટ ઘટના અનુસંધાને ગુજરાત પોલીસ દ્વારા એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દિલ્હીમાં થયેલા કાર બ્લાસ્ટનું કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં એલર્ટ માટે આદેશ આપવામાં આવ્યા છે.

ખાસ કરીને મહાનગરો અને રાજ્યના એન્ટ્રી એક્ઝિટ પોઇન્ટ તેમજ શહેર જિલ્લાના તમામ એન્ટ્રી એક્ઝિટ પોઇન્ટ પર નાકાબંધી,વાહન ચેકીંગ, પોલીસ પેટ્રોલિંગ અને પોલીસ પ્રેઝન્સ માટે તમામ શહેર જિલ્લા પોલીસના વડાઓને સૂચના આપવામાં આવી છે.

જ્યારે અમદાવાદમાં પણ પોલીસ દ્વારા તકેદારીના ભાગરૂપે  સઘન ચેકિંગ હાથ ધરાયું હોવાનું અમદાવાદ પોલીસ કમિશનર જી એસ મલિકે જણાવ્યું હતું.

(BYTE: G.S.MALIK COMMIS)

# BOMB BLAST ALERT

દિલ્હીમાં થયેલા કાર બોમ્બ વિસ્ફોટ બાદ રાજ્યભરમાં આ ઘટનાને પગલે સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. જેમાં અતિ સંવેદનશીલ એવા ગોધરા રેલવે સ્ટેશન પર પણ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે.

રેલવે પોલીસની GRP અને RPF ટીમો દ્વારા સ્ટેશન વિસ્તારની વ્યાપક તપાસ હાથ ધરાઈ હતી, જેમાં ડોગ સ્ક્વોડની ટીમને પણ જોડવામાં આવી હતી.

મહેસાણા, ભરૂચ અને જામનગરમાં પણ મુસાફરોના સામાનની તપાસ ઉપરાંત સ્ટેશન આસપાસ આવેલા વાહનોનું પણ સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. કોઈ શંકાસ્પદ વસ્તુ કે વ્યક્તિની તપાસ માટે પોલીસ દ્વારા દરેક ખૂણાની ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

નવસારીમાં પણ એલર્ટ જાહેર કરાયા બાદ શહેરમાં આવતા અને જતા વાહનોની ઝીણવટભરી તપાસ કરાઈ રહી છે. ખાસ કરીને દિલ્હીથી મુંબઈને જોડતો નેશનલ હાઈવે 48 નવસારી માંથી પસાર થાય છે, ત્યારે હાઈવે પર પોલીસે વાહન ચેકિંગ કરવાનું શરૂ કર્યું છે.નવસારી ગ્રામ્ય પોલીસ સહિત બીજી શાખાઓ પણ વાહન ચેકિંગ કરી જિલ્લામાં સુરક્ષા જળવાઈ રહે એ માટે પગલાં ભરવા શરૂ કર્યા છે.

મહીસાગર જિલ્લામાં આવેલી ગુજરાત-રાજસ્થાન સરહદ પરની ચેકપોસ્ટ પર પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. જિલ્લા મથક લુણાવાડા સહિત સમગ્ર જિલ્લામાં વિવિધ જાહેર સ્થળો, હાઇવે માર્ગો અને મહત્વપૂર્ણ ચોકડીઓ પર વાહન ચેકિંગ ચાલી રહ્યું છે.તાપીની ગુજરાત મહારાષ્ટ્ર બોર્ડર નજીક ઉચ્છલ અને સોનગઢ ચેકપોસ્ટ પાસે સઘન ચેકિંગ હાથ ધરાયું છે.

આ ઉપરાંત દ્વારકા, સોમનાથ સહિતના રાજ્યભરના પ્રસિદ્ધ યાત્રાધામોની સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરાઇ છે. ભક્તોને સતર્ક રહેવા જણવાયું છે.

આ ઉપરાંત મોરબીની અલગ અલગ હોટલ અને વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યૂ છે.

## CM X POST

દિલ્હીમાં થયેલા વિસ્ફોટની ઘટના અંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુઃખ વ્યક્ત કર્યું છે. આ ઘટનાના મૃતકોના પરિવાર પ્રત્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંવેદના વ્યક્ત કરી છે. તેમજ ઇજાગ્રસ્ત લોકો ઝડપથી સાજા થાય તેમ જણાવ્યું છે.

## VANBADHU KALIAN YOJNA

રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ,આદિવાસી વિસ્તારોમાં લિફ્ટ પાઇપ લાઇન ટેકનિકથી ખેતરોમાં સિંચાઇની સુવિધા પોહચાડવામાં આવી છે. આદિવાસી વિસ્તારોમાં એક લાખ 39 હજાર એકરથી વધુ ખેતરોમાં સિંચાઇ સુવિધા મળી રહી છે.

મંત્રી ઈશ્વરસિંહ પરમારે જણાવ્યુ કે, રાજયના છ આદિવાદી જિલ્લાના 708 ગામોમાં ખેડૂતોને બારમાસી સિંચાઇ પોહંચાડવામાં સરકાર સફળ રહી છે.

## NMSAR BOARD MEETING

રાષ્ટ્રીય દરિયાઈ શોધ અને બચાવ બોર્ડ મીટિંગ ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં યોજાઇ હતી.

આ બોર્ડ મીટીંગમાં ભારતીય નૌકાદળ, ભારતીય વાયુસેના, શિપિંગ મહાનિર્દેશાલય, ભારતીય એરપોર્ટ ઓથોરિટી, ભારતીય હવામાન વિભાગ (IMD),

ભારતીય રાષ્ટ્રીય મહાસાગર માહિતી સેવાઓ (INCOIS), રાજ્ય દરિયાઈ બોર્ડ, બંદર સત્તાવાળાઓ અને અન્ય કેન્દ્ર અને રાજ્ય સરકારી વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ તેમજ વેપારી મરીન, માછીમારી અને ઓફશોર ક્ષેત્રોના પ્રતિનિધિઓનો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક બાદ ગુજરાતના કોસ્ટ ગાર્ડના ડાયરેક્ટર જનરલ પરમેશ શિવમનીએ જણાવ્યુ કે, દરિયાઇ ક્ષેત્રમાંથી માદક પદાર્થ ગુજરાતના દરિયાઇ કાંઠે ન ઘૂસે તે માટે એટીએસ સાથે સંકલન સાધીને કોસ્ટગાર્ડ કામગીરી કરી રહ્યું છે.

(બાઇટ- પરમેશ શીવમની, ડીજી કોસ્ટ ગાર્ડ)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# REACTION ON RELIEG PACKAGE

કમોસમી વરસાદને કારણે રાજ્યના ધરતીપુત્રોને ખેતીમાં વ્યાપક નુકસાન થયું હતું. ખેડૂતોને સહાય આપવા માટે રાજ્ય સરકારે 10 હજાર કરોડનું રાહત પેકેજ જાહેર કરતાં ખેડૂતો આ પેકેજને આવકારી રહ્યાં છે.

ભાવનગર સિહોર તાલુકાના વાવડીગઝા ગામના ખેડૂત કલ્પેશ મકવાણાએ જણાવ્યુ કે, કૃષિ પેકેજ જાહેર કરવાથી શિયાળુ પાકમાં મદદરૂપ થશે

(બાઇટ- કલ્પેશ મકવાણા, ખેડૂત ભાવનગર)

આ કૃષિ રાહત પેકેજ બદલ આભાર વ્યક્ત કરતા છોટાઉદેપુરના ડુમાલી જૂથ ગ્રામ પંચાયતના સરપંચ બકાભાઈ રાઠવાએ જણાવ્યું કે, કમોસમી વરસાદ પડવાના કારણે ખેડૂતોને મકાઈ, ડાંગર જેવા પાકોને નુકશાન થયું છે આ નુકસાનની ભરપાઇ રાહત પેકેજ કરશે.

(બાઈટ- બકાભાઈ રાઠવા, સરપંચ)

# SUSPICIOUS GHEE

બનાસકાંઠાની ખોરાક અને ઔષધ નિયમનતંત્રની પાલનપુર કચેરી દ્વારા ડીસાથી બે ઘી ઉત્પાદક પેઢી પાસેથી ૧૫૦૦ કિલોગ્રામથી વધુ શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

ડિસાની તાસ્વી માર્કેટિંગ એન્ડ ડેરી પ્રોડક્ટ્સ તથા શ્રી વેદાંત ફૂડ પ્રોડક્ટ્સ સામે શંકાસ્પદ ઘી અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શ્રી વેદાંત ફૂડ પ્રોડક્ટ્સ માંથી ભુમી સરસ ઘીના ૫૦૦ મીલીના ૧૭૬ પેક, ૨૦૦ મીલીના ૭૫૦ પેક તથા લુઝ ઘી ૯૪૫ કિલોગ્રામ મળી કુલ ૧૧૮૩ કિલોગ્રામ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જયારે તાસ્વી માર્કેટિંગ એન્ડ ડેરી પ્રોડક્ટ્સ તપાસ દરમિયાન કુલ ૩૨૦ કિલોગ્રામ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો

# RANJI TROPHY

રણજી ટ્રોફીની નડિયાદ ખાતે રમાઇ રહેલી મેચમાં ગુજરાતે સર્વિસિસને છ વિકેટે પરાજય આપ્યો છે. ગુજરાતના વિશાલ જયસ્વાલે છ વિકેટ ઝડપી હતી.

સર્વિસિસનો બીજો દાવ 125 રનમા સમેટાતા ગુજરાતને 118 રનનો લક્ષ્યાંક મળ્યો હતો, જે ચાર વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. અન્ય એક મેચમાં કેરણના મંગલાપુરમ ખાતે રમાઇ રહેલી સૌરાષ્ટ્ર અને કેરળ વચ્ચેની મેચમાં સૌરાષ્ટ્ર મજબૂત સ્થિતિમાં છે. ચિરાગ જાની સહાયથી સૌરાષ્ટ્ર હાલની સ્થિતી 278 રન આગળ છે.

વડોદરામાં રમાઇ રહેલી મેચમાં વડોદરાએ પ્રથમ દાવમાં 291 રન કર્યા હતા જેની સામે ઝારખંડે 225 રનની લીડ મેળવી હતી.

## KHEDA BJP PRESIDENT VISHWKARAMA

ગુજરાતના ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સરદારની જન્મ ભૂમિ નડિયાદ ખાતે અભિવાદન સમારોહ હજારો જનમેદની વચ્ચે યોજાયો હતો.

આ અભિવાદન સમારોહ પહેલા ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ શહેરના દેસાઈ વગા ખાતે આવેલ સરદારના જન્મસ્થળે પહોંચી સરદાર સાહેબને શ્રધ્ધાસુમન અર્પણ કરી નમન કર્યા હતા.

આ પ્રસંગે તેમણે સ્વદેશી અપનાવવા લોકોને અપીલ કરી હતી. વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે સૌએ સહિયારા પ્રયાસ કરવા પર પણ તેમણે ભાર મૂક્યો હતો. ખેડૂતોની સહાય માટે રાજ્ય સરકારે જાહેર કરેલા રાહત પેકેજનો પણ વિશ્વકર્માએ ઉલ્લેખ કર્યો હતો.

---